
**Veer Narmad**
**South Gujarat University, Surat**
Re-accredited by NAAC with 'A' grade
सत्यम् ज्ञानम् अनन्तम्




# ઈ–દક્ષિણાયન
## Dakshinayan e-Newsletter
For Private Circulation Only

Vol. 12, Issue. 212, January 2021

યુવાનોને–

"આજ્ઞાપાલનનો સદ્‌ગુણ કેળવો, પરંતુ તમારે તમારી શ્રધ્ધાનું બલિદાન કદી આપવું નહી. જો વડીલોની આજ્ઞા ન માનવામાં આવે તો શકિતઓનું એકીકરણ થઈ શકે નહિ, એ વ્યકિતગત શકિતઓનું એકીકરણ થાય નહિ ત્યાં સુધી મહાન કાર્ય થઈ શકે નહિં."

– સ્વામી વિવેકાનંદ

## દીપે અરુણું પરભાત

પ્રિય વાચકમિત્રો,

'યુવાન' શબ્દ પણ એક કાળની સંજ્ઞાને સૂચિત કરે છે. યૌવન બે અવસ્થાઓ વચ્ચેની એક શકિતની અવસ્થા છે. બાળકમાં ક્ષમતાઓ હોય છે, પણ વિકસિત નથી હોતી કેમ કે બાળકનું શરીર–તંત્ર સમર્થ નથી હોતું. વૃધ્ધમાં શરીર–તંત્ર અને ક્ષમતાઓ–બન્ને હોય છે, વૃધ્ધના શરીરની, મસતિષ્કની ઘણી બધી કોશિકાઓ સમાપ્ત થઈ જાય છે અને શરીર–તંત્ર પણ શિથિલ થઈ જાય છે. વૃધ્ધમાં અનુભવ હોવા છતાં પણ કાર્ય–ક્ષમતા સમાપ્ત થઈ જાય છે. આ બન્ને વચ્ચેની અવસ્થા છે–'યૌવન'. યુવાન આ બન્નેની વચ્ચે હોય છે. જેમાં શરીરની ક્ષમતા પણ છે અને તેને ક્રિયાન્વિત કરવાની પણ અપાર ક્ષમતા છે. અમેરીકાના પૂર્વ રાષ્ટ્રપતિ શ્રી કેનેડીએ કહ્યું છે કે, "જે વ્યકિત ખતરાને પામી શકે છે, મેળવી શકે છે, તે યુવાન છે અને ખતરાથી ઘબરાય છે, તે વૃધ્ધ હોય છે." યુવાન તે છે જે સમય પર નિયંત્રણ મેળવી શકે છે. સમયની લગામને પોતાના હાથમાં લઈ શકે અને સમયનું જ્ઞાન આપી શકે. જે મનુષ્ય પાછળ જુએ છે, તે વૃધ્ધ અને જે મનુષ્ય આગળ જુએ છે, તે યુવાન. જે ફકત ભૂતકાળ તરફ દ્દષ્ટિ કરે છે, તે મનુષ્ય વૃધ્ધ અને ભવિષ્ય તથા વર્તમાન તરફ જુએ છે તે, યુવાન. આપણે વિશ્વ ઈતિહાસ તરફ દ્દષ્ટિ કરીએ તો જે લોકોએ લક્ષ્ય–પ્રાપ્તિ માટે પ્રાણોની આહુતિ આપી છે કે લગાવી છે, તે યુવાનો હતા.

યુવાવસ્થામાં ક્ષમતા હોય છે, પુરુષાર્થ હોય છે, એટલા માટે જ યુવાને અધ્યયનની દિશામાં આગળ વધવું જોઈએ. અધ્યયન પણ એવું હોવું જોઈએ કે જે પેદા કરનારું હોય, નહી કે ફળ ખાનારું. એવી રીતે અધ્યયન કરવું જોઈએ કે જે અધ્યયન ધ્વારા અનેક ફળ પેદા થાય, જે બીજાઓના કામમાં આવી શકે. જે ગંભીર અધ્યયન ધ્વારા સંભવ બને છે. યુવકો પાસેથી અપેક્ષા કરી શકાય છે કે જે ફકત માનીને ન ચાલે, પણ જાણીને ચાલે. જે કોઈ યુવાન છે તેણે અધ્યયનના ઊંડાણમાં જવા માટેની દિશાને પોતાના હાથમાં લેવી જોઈએ. યુવાન અધ્યયનના ઊંડાણમાં જશે નહી તો, તે પોતાનું ભલું નહી કરી શકે, ન પરિવારનું, ન સમાજનું ભલું કરી શકે. જે યુવાન આજના વિચાર અને વિકાસના સંપર્કમાં નથી રહેતો તે પાછળ રહી જાય છે. તીવ્ર ગતિથી જ્ઞાન ચારેકોર ફેલાઈ રહયું છે, અને મનુષ્યનું જ્ઞાન વધતું જાય છે. આ પરિસ્થતિમાં જો અધ્યયનની ઉપેક્ષા કરવામાં આવે તો યુવાન નવા યુગની સાથે કેવી રીતે ચાલી શકે ? આજે અપેક્ષા છે–યુવાનના અધ્યયનમાં ઊંડાણ હોય. જયાં સુધી અધ્યયનની ગંભીરતા નહી આવે, ત્યાં સુધી કોઈ મોટી સિધ્ધિ મળવાની નથી. યુવાન બદલાય છે પોતાના ચિંતન અને જ્ઞાન ધ્વારા. સ્વાધ્યાયનો અભ્યાસ કરવો જોઈએ. જે પોતાને યુવાન કહેવડાવવા ઈચ્છે છે તેણે કંઈક નવું જ્ઞાન, નવું ચિંતન અવશ્ય કરવું જોઈએ. આજે વિશ્વમાં બૌધ્ધિક વિકાસ ચરમ સીમાએ છે. દરરોજ નવા નવા આયામ ખૂલતા જાય છે. સાધારણ વિષય પર પણ વિશ્લેષણ અને સૂક્ષ્મ અધ્યયન થઈ રહયું છે. જે યુવાન આજના વિચાર અને વિકાસના સંપર્કમાં નથી રહેતો તે પાછળ રહી જાય છે. અધ્યયનની ઉપેક્ષા કરવામાં આવશે તો યુવાન યુગની સાથે કેવી રીતે ચાલી શકશે ?

યુવાને એ યાદ રાખવું જોઈએ કે, મહાન તે નથી હોતો, જે બીજાને જીતી લે છે, મહાન તે છે, જે બીજાઓનું ભલું કરે છે. જીતવું એ કોઈ મોટી સિધ્ધિ નથી, મોટી સિધ્ધિ એ છે–શ્રેષ્ઠતા મેળવવી. કંઈ મેળવવું એ મોટી વાત નથી–મોટી વાત એ છે શ્રેષ્ઠતાની પ્રાપ્તિ. મહાન એ થઈ શકે છે છે, જે પોતાની પ્રાપ્તિને શ્રેષ્ઠ બનાવે છે. આપણને જે કંઈ મળ્યું છે તેને શ્રેષ્ઠ બનાવીએ અને તેને વધુ શ્રેષ્ઠ બનાવીએ. જે યુવાન ઉત્તમ કાર્ય કરી નથી શકતો, જે સત્યને પામવાનો પ્રયાસ નથી કરતો, તે પ્રગતિ કરી શકતો નથી.

યુવાન એક શકિતનું અથવા શકિતની અભિવ્યકિતનો સ્ત્રોત છે, એટલા માટે યુવાન પાસેથી ઘણી આશાઓ હોય છે. કોઈ પણ દેશ, કોઈ પણ સમાજ જયાં કાર્યક્ષમતાનો પ્રશ્ન હોય છે, ત્યાં યુવાનને આગળ રાખવામાં આવે છે. ભલે તે દેશ–રક્ષાનું કાર્ય હોય, સમાજ–સેવાનું કાર્ય હોય કે ભલે બીજું કાર્ય હોય, ત્યાં યુવાનની અપેક્ષા રાખવામાં આવે છે. યુવાનમાં કવિ નર્મદના જેવો 'જોસ્સો' હોવો જોઈએ.

તા. ૧ ફેબ્રુઆરી ૨૦૨૧

ડૉ. હેમાલીબેન દેસાઈ
ઈ.ચા.કુલપતિશ્રી

## યુનિવર્સિટી ન્યૂઝ

### ધ્વજવંદન કાર્યક્રમ

પ્રજાસત્તાક પર્વ નિમિત્તે તા.૨૬–૧–૨૦૨૧, મંગળવારના રોજ સવારે ૮:૩૦ કલાકે વહીવટી સંકુલ, યુનિવર્સિટી કેમ્પસ પર માન. ઈ.ચા.કુલપતિશ્રી ડૉ. હેમાલીબેન દેસાઈના વરદ્હસ્તે ધ્વજવંદનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

આઝાદ ભારતના આ રાષ્ટ્રીયપર્વે ધ્વજવંદનમાં યુનિવર્સિટીના સિન્ડિકેટ–સેનેટ સભ્યશ્રીઓ, ડીનશ્રીઓ, વિભાગીય વડાશ્રીઓ, અધ્યાપકશ્રીઓ, વહીવટી અધિકારીશ્રીઓ, વહીવટી કર્મચારીશ્રીઓ તથા કેમ્પસના રહીશો કોવિડ–૧૯ની માર્ગદર્શિકાને ધ્યાનમાં લઈ સોશ્યિલ ડિસ્ટન્સ જાળવી વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.













## સ્વામી વિવેકાનંદની પ્રતિમાંને પુષ્પાંજલી અર્પણનો કાર્યક્રમ

સ્વામી વિવેકાનંદની ૧૫૮મી જન્મ જયંતી પ્રસંગે તા. ૧૨–૧–૨૦૨૧, મંગળવારના રોજ સવારે ૧૧:૦૦ કલાકે માન. ઈ.ચા.કુલપતિશ્રી ડૉ. હેમાલીબેન દેસાઈના વરદ્હસ્તે સ્વામી વિવેકાનંદની પ્રતિમાને પુષ્પાંજલીનો કાર્યક્રમ યુનિવર્સિટી પરિસરમાં રાખવામાં આવ્યો હતો. આ પ્રસંગે યુનિવર્સિટી પરિસર પર સિન્ડિકેટ–સેનેટ સભ્યશ્રીઓ, ડીનશ્રીઓ, વિભાગીય વડાશ્રીઓ, અધ્યાપકશ્રીઓ, વહીવટી અધિકારીશ્રીઓ, તથા વહીવટી કર્મચારીશ્રીઓ કોવિડ–૧૯ની માર્ગદર્શિકાને ધ્યાનમાં લઈ સોશ્યિલ ડિસ્ટન્સ જાળવી વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.






















રક્તદાન શિબિર
તા. ૧૨/૦૧/૨૦૨૧, મંગળવાર
સમય : સવારે 10:00 થી બપોરે 04:00 કલાક
JCI
Surat Metro
HDFC BANK
સૌજન્ય :
Exam શાળા



























## આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત અમેરીકન ફિઝીક્સ સોસાયટી (APS) ફિઝીક્સની મીટીંગમાં ભાગ લેશે



વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ભૌતિકશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ અને આઈ.કયુ.એ.સી. સેલનાં ડાયરેકટર પ્રો. કિશોર સી. પોરીયાને વિશ્વ પ્રસિધ્ધ અમેરીકન ફીઝીક્સ સોસાયટી દ્વારા આગામી તા. ૦૪ અને ૦૬ ફેબ્રુઆરી, ૨૦૨૧નં રોજ યોજાનાર 'એન્યુઅલ લીડરશીપ મીટ'માં આમત્રંણ પાઠવવામાં આવેલ છે. આ મીટીંગને જીમ ગેટ્સ જોનાથન બેગર અને વિશ્વ વિખ્યાત યુનિવર્સિટીઓનાં પ્રોફેસર બ્રેઈન ગ્રીન – કોલમીયા યુનિવર્સિટી, કીપ થોમ – કેલીફોર્નીયા ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી તથા એલાન અલ્દા–સ્ટોની બ્રુક યુનિવર્સિટી વગેરે સંબોધન કરનાર છે. આ કાર્યક્રમ બે દિવસનો ઓનલાઈન મોડમાં યોજાનાર છે. અત્રે ઉલ્લેખનીય છે કે, પ્રો. કિશોર સી. પોરીયાને આ સોસાયટી સભ્ય ન હોવા છતાં આમંત્રિત કરવામાં આવ્યા છે.

## સંવાદ

ગુજરાત રાજયના શિક્ષણ વિભાગ દ્વારા ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણની કોલેજોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની ક્ષમતા, નિર્માણ અને તેઓની કારકિર્દીલક્ષી વિવિધ યોજનાઓનો અમલ કરવામાં આવી રહેલ છે. રાજયના વિદ્યાર્થીઓ અને અધ્યાપકો દ્વારા સ્ટુડન્ટ સ્ટાર્ટ–અપ, ઈંટેલેક્ચ્યુલ પ્રોપર્ટી (પેટન્ટ) નોંધણી, માઈન્ડ ટુ માર્કેટ, વુમન આંત્રપ્રીનીયોર વગેરે જેવા રાષ્ટ્રીય સ્તરે નોંધપાત્ર પ્રયાસો શરૂ કરેલ છે. ઇનોવેશન અને સાહસિકતા ધરાવતા વિદ્યાર્થીઓને પોતાનું સ્ટાર્ટ–અપ શરૂ કરી નોકરીદાતા બને તે દિશામાં રાજય સ્તરે ખૂબ જ અસરકારક માળખું તૈયાર થયેલ છે. સાથોસાથ રાજયના ઉદ્યોગ–ગૃહોની જરૂરિયાતને અનુરૂપ વિવિધ ક્ષેત્રોમાં ઉપલબ્ધ નોકરીઓ કોલેજના અંતિમ વર્ષમાં અભ્યાસ કરતા તેજસ્વી વિદ્યાર્થીઓને મળે તે માટે શિક્ષણ વિભાગ દ્વારા રાજય સ્તરે મેગા પ્લેસમેન્ટ કેમ્પનું આયોજન કરવામાં આવે છે. અગ્રસચિવશ્રી અંજુ શર્માના સીધા માર્ગદર્શન અને સબળ નેતૃત્વ હેઠળ રાજયના ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણક્ષેત્રે અભૂતપૂર્વ સિદ્ધિઓ હાંસલ કરવામાં આવેલ છે. રાજયના શિક્ષણ વિભાગ

દ્વારા વિદ્યાર્થીઓની કારકિર્દીલક્ષી વિવિધ પ્રયાસોમાં સ્થાનિક ઉદ્યોગ અગ્રણીઓ અને શિક્ષણવિદ્દો સાથે સીધો સંવાદ કરવા તેમજ તેઓનો સહયોગ અને સૂચનો મેળવવા તા. ૦૧/૦૨/૨૦૨૧ના રોજ અગ્રસચિવશ્રી અંજુ શર્માના અધ્યક્ષ સ્થાને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના સેનેટ હોલ ખાતે Covid-19ની માર્ગદર્શિકા મુજબ સાંજે ૩:૩૦ કલાકે 'Industry Academia Collaboration for Atmanirbhar Bharat'ના શીર્ષક હેઠળ એક બેઠકનું આયોજન કરવામાં આવેલ છે.

Covid-19ની માર્ગદર્શિકા મુજબ યોજાનાર આ બેઠકમાં જિલ્લા કલેકટરશ્રી ડૉ. ધવલ પટેલ, SGCCI ના પ્રમુખ શ્રી દિનેશભાઈ નાવડીયા, શિક્ષણ વિભાગના ડાયરેકટર શ્રી એમ. નાગરાજન, યાંત્રિક શિક્ષણ વિભાગના ડાયરેકટર શ્રી જી.ટી.પડંયા તથા ડૉ. હિમાંશુ પંડયા, કુલપતિશ્રી, ગુજરાત યુનિવર્સિટી અને Chief Mentor, I-Hub વગેરે મહાનુભાવો હાજર રહેશે. આ ઉપરાંત સુરત સ્થિત વિવિધ વ્યાવસાયિક ક્ષેત્રોના ઉદ્યોગ અગ્રણીઓ અને શિક્ષણવિદ્દોને પ્લેસમેન્ટ અને સ્ટુડન્ટ સ્ટાર્ટ–અપ સાથે જોડી શ્રેષ્ઠ પરિણામો મેળવવા માટે પ્રયાસ કરવામાં આવનાર છે.

આ બેઠકનું આયોજન ઈ.ચા.કુલપતિશ્રી ડૉ. હેમાલી દેસાઇ, દક્ષિણ ગુજરાત પ્લેસમેન્ટ–કેમ્પ ૨૦૨૧ના ઝોનલ અધિકારી ડૉ. વિનય એસ. પુરાણી, I-Hub ના સીઇઓ શ્રી હિરણ્મય મહંતા અને તેઓની ટીમના સભ્યોના માધ્યમથી કરવામાં આવેલ છે.

## ભૂતપૂર્વ વિદ્યાર્થી અને વાલીઓનાં રજીસ્ટ્રેશન માટે પોર્ટલ

હાલ યુનિવર્સિટીના આઇ.ક્યુ.એ.સેલ.ની મળેલી મિટિંગમાં નક્કી થયા અનુસાર આગામી સમયમાં યુનિવર્સિટી 'નેક' એક્રેડિટેશન પ્રક્રિયામાં જનાર હોવાથી યુનિવર્સિટી દ્વારા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને વાલીઓનું મંડળ રચી શકાય તે માટે યુનિવર્સિટી વેબસાઇટ પર એલ્યુમની પોર્ટલ ચાલુ કરવામાં આવેલ છે. યુનિવર્સિટીમાં કોઇ પણ ભૂતપૂર્વ વિદ્યાર્થી https://alumni.vnsgu.net પર પોતાનું રજીસ્ટ્રેશન કરાવી શકશે. આ રજીસ્ટ્રેશનની માહિતી જે તે વિભાગમાં ચકાસણી માટે જશે અને વિભાગીય અધ્યક્ષ તેમને મંજૂર કરશે. આ વેરિફિકેશન પ્રક્રિયા થયા બાદ વિદ્યાર્થી દ્વારા આપવામાં આવેલ ઇ–મેલ આઇ.ડી. પર તે અંગેની જાણ કરવામાં આવશે અને ત્યારબાદ વિદ્યાર્થીને એલ્યુમની પોર્ટલ પર યુઝર આઇ.ડી. અને પાસવર્ડનો ઇ–મેલ કરવામાં આવશે. તેનો ઉપયોગ એલ્યુમની પોતાની વિગતવાર માહિતી પોર્ટલ પર સબમીટ કરવા માટે કરી શકશે. આ ઉપરાંત હાલમાં યુનિવર્સિટી ખાતે અભ્યાસ કરતા અનુસ્નાતક વિદ્યાર્થીઓના માતા, પિતા તથા સંભાળ લેનાર વ્યક્તિ વાલીમંડળમાં વાલી તરીકે જોડાઇ શકશે. આ માટે યુનિવર્સિટી દ્વારા ફોર્મ તૈયાર કરવામાં આવેલ છે અને તે માટેની લીંક વેબસાઇટ પર મૂકવામાં આવેલ છે. વિદ્યાર્થી પોતે પોતાના વાલીને આ ફોર્મ ભરવા જણાવશે. યુનિવસિટીના તમામ વિભાગોમાં વિભાગના કોઇ અધ્યાપક (ઇચ્છનીય રીતે ભૂતપૂર્વ વિદ્યાર્થી)ને આ મંડળની કાર્યવાહી માટેની જવાબદારી આપવામાં આવશે. જેથી આગામી સમયમાં યુનિવર્સિટી દ્વારા થનાર આનુસંગિક કાર્યક્રમોની માહિતી ઝડપભેર તમામને પહોંચતી થઇ શકે. આ અંગે ડૉ.પુષ્પલભાઇ દેસાઇને કો–ઓર્ડિનેટર તરીકે અને ડૉ. ગૌરવભાઇ શાહને કો–કો ઓર્ડિનેટર તરીકે નિમણૂંક આપવામાં આવેલ છે અને પ્રથમ ભૂતપૂર્વ વિદ્યાર્થી તરીકે ઇ.ચા.કુલપતિ ડૉ. હેમાલીબેન દેસાઇએ પોતાનું રજીસ્ટ્રેશન કરી પોર્ટલ ખૂલ્લું મૂકેલ છે.

## અવસાનનોંધ



વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના પૂર્વ કુલપતિ પ્રોફે. (ડૉ.) બી.એ.પ્રજાપતિનું દુઃખદ અવસાન તા. ૨૫–૧૨–૨૦૨૦ને શુક્રવારના રોજ થયેલ છે. યુનિવર્સિટી પરિવાર ઊંડા શોક અને દુઃખની લાગણી અનુભવે છે. યુનિવર્સિટીના વિકાસમાં સીમાચિહનરૂપી ઘટનાઓમાં સ્વ. પ્રોફે. (ડૉ.) બી.એ.પ્રજાપતિની કડીરૂપ ભૂમિકા હતી, જે તેમની વિદ્યાકીય પ્રવૃત્તિઓમાં જીવનસિધ્ધિનું દર્શન કરાવે છે.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી તેમણે કંડારેલી વિદ્યાકીય કેડીએ શિક્ષણ–સંશોધનનું કાર્ય આગળ ધપાવવાના સંકલ્પ કરીને સ્વર્ગસ્થને ભાવભીની શ્રધ્ધાંજલિ આપે છે અને તેઓના આત્માની ચિર શાંતિ માટે પ્રભુને પ્રાર્થના કરે છે. તેઓના દુઃખદ અવસાનથી પરિવારને મોભીની ન પુરાય તેવી ખોટ પડી છે.

## પીએચ.ડી.



વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના અંગ્રેજી વિભાગમાં એસોશિએટ પ્રોફેશર તરીકે ફરજ બજાવતા શ્રીમતી રેખા પરેશ પરમારે અંગ્રેજી સાહિત્યમાં રજુ કરેલ મહાશોધ નિબંધ "A Critical Study of Dalit Sensibility in Selected Indian Auto Biographies Translated into English"ને ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીએ માન્ય રાખી પીએચ.ડી. ની પદવી એનાયત કરેલ છે. આ સંશોધન કાર્ય તેમણે ડૉ. ચૈતન્ય જે દેસાઈના માર્ગદર્શન હેઠળ પૂર્ણ કરેલ છે.

## યુનિવર્સિટી ગ્રંથાલય

### સાહિત્ય પ્રદર્શન : સ્વામી વિવેકાનંદ જન્મ જયંતી

સ્વામી વિવેકાનંદ જન્મ જયંતી નિમિત્તે યુનિવર્સિટી ગ્રંથાલયમાં 'સ્વામી વિવેકાનંદ'ના પુસ્તકોનું પ્રદર્શન તા. ૧૨–૧–૨૦૨૧ થી તા. ૩૧–૧–૨૦૨૧ દરમ્યાન કરવામાં આવ્યું.












## કોલેજ ન્યૂઝ

### જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી.

### ચાર્ટડ એકાઉન્ટન્ટ કારકિર્દી માર્ગદર્શનઃ નેશનલ વેબિનાર

જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી દ્વારા તા. ૧૦ ડિસેમ્બર, ૨૦૨૦ ના રોજ "ચાર્ટડ એકાઉન્ટન્ટ માટે કારકિર્દી માર્ગદર્શન" વિષય અંતર્ગત Zoom, Microsoft Team, You Tube, Twitter, Face Book અને Instagramના માધ્યમથી ૩૫મા નેશનલ વેબિનારનું આયોજન થયું હતું. આચાર્યશ્રી ડૉ.કે.એન.ચાવડાએ શુભેચ્છા પાઠવી આશીર્વચનો આપ્યા હતા. જેમાં કેરિયર કાઉન્સેલર આઈ.સી.એ.આઈ.ના સી.એ. વિધિ દોષી મુખ્ય વકતા તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમજ સમગ્ર ભારતના વિવિધ રાજયોમાંથી ૩૯૦૨ જેટલા લોકોને સંબોધિત કર્યા હતા. સી.એ. વિધિ દોષીએ ચાર્ટડ એકાઉન્ટન્ટ બન્યા પછી કયા કયા ક્ષેત્રમાં પોતાનું કેરિયર બનાવી શકે તેના વિશે વેબિનારમાં ખુબ જ સરસ રીતે સમજાવ્યું હતું. તેમણે જણાવ્યું કે, સી.એ. બનવા માટેના બે રસ્તા છે. ૧. ફાઉન્ડેશન ૨. ડાયરેકટ. જેમાં તેમણે જણાવ્યું કે, જે વિદ્યાર્થી ધોરણ ૧૨ની પરીક્ષા પાસ કરે તે ૩૦ મી જુન અથવા ૩૧ ડિસેમ્બરના રોજ ICAI ની વેબસાઈટ પર રજીસ્ટ્રર થઈ શકે છે. આ કોર્ષની સાથે વિદ્યાર્થીને સ્ટાઈપેન્ડ પણ મળે છે, એટલે કે વિદ્યાર્થી ભણવાની સાથે પોતાનો ખર્ચો પણ ઉઠાવી શકે છે અને સાથે સાથે અનુભવ પણ મેળવે છે.

વિધિ દોષીએ સી.એ. બનવા માટેનો મંત્ર આપતાં જણાવ્યું કે, સી.એ. બનવા માટે મહેનત અને સમર્પણ હોવું જોઈએ. તેમણે વધુમાં જણાવ્યું કે, સી.એ. બન્યા પછી મુખ્ય ચાર પ્રકારની તક મળે છે. જેમાં તે પોતાનો વ્યવસાય, નોકરી, ધંધો અને વધુ અભ્યાસ માટે આગળ જઈ શકે છે. સી.એ. બન્યા પછી તેઓ સ્ટાર્ટઅપ કન્સલટન્ટ, લોન ઈન્ડિકેશન, પેરોલ કન્સલટન્ટ, ફ્રોડ ડિટેકશન કન્સલટન્ટ, રેરા કન્સલટન્ટ, બિઝનેશ એડવાઈઝરી સર્વિસિસમાં પોતાની સેવા આપીને પોતાનું કરિયર બનાવી શકે છે. રેલમંત્રી પોતાના ૨૦૨૦–૨૧ના વચગાળાના બજેટમાં તેમણે જણાવ્યું કે, ભારતની અર્થવ્યવસ્થા આવનારા ૫ થી ૮ વર્ષમાં ૧૦ ટ્રિલયન ડોલર જેટલી થવાની શકયતા રહેલી છે. જેના માટે આ અર્થવ્યવસ્થાને સંભાળવા માટે સી.એ.ની ખૂબ જ માંગ રહેવાની છે. જેથી વિદ્યાર્થીઓ આવનારા સમયમાં સી.એ. ને પોતાના કેરિયર તરીકે કામ કરવાની ઉજવળ તક બનાવી શકે છે.

વેબિનારમાં જોડાયેલ વ્યકિતઓના વિવિધ પ્રશ્નોના જવાબ ઉદાહરણ સહિત આપ્યા હતા. મુખ્ય વકતાશ્રીનો પરિચય ડૉ. મયંક સોઢાએ તેમજ આભારવિધિ સી.એસ. પ્રા. શ્વેતા પટેલએ કરી હતી. વેબિનારનું સંચાલન જીવન જયોત

ટ્રસ્ટ, અમરોલીના પ્રમુખશ્રી ભરતભાઈ શાહ, આચાર્યશ્રી ડૉ.કે.એન. ચાવડા, ડૉ. મયંક સોઢા, ડૉ. ચિરાગ સિધ્ધપુરીયા, ડૉ. મેહુલ શાહ, પ્રા. મૌનિક શાહ તેમજ શૈક્ષણિક અને વહીવટી કર્મચારીઓ દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું.

## રાષ્ટ્રીય સાયબર સુરક્ષાનું મહત્વઃ નેશનલ વેબિનાર

જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, પ્રો.વી.બી.શાહ ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કોલેજ ઓફ કોર્મસ, વી.એલ.શાહ કોલેજ ઓફ કોર્મસ, સુટેક્ષ બેંક કોલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ, અમરોલી દ્વારા તા. ૧૨ ડિસેમ્બર, ૨૦૨૦ના રોજ "સાઈબર લડાઈના યુગમાં રાષ્ટ્રીય સાયબર સુરક્ષાનું મહત્વ" વિષય અંતર્ગત Zoom, Microsoft Team, You Tube, Twitter, Face Book અને Instagramના માધ્યમથી ૩૬મા નેશનલ વેબિનારનું આયોજન થયું હતું. આચાર્યશ્રી ડૉ.કે.એન.ચાવડાએ શુભેચ્છા પાઠવી આશીર્વચનો આપ્યા હતા. જેમાં ટેકલોયર એટર્ની અને સાયબર સિક્યુરીટી કન્સલટન્ટના ડૉ. ચિંતન પાઠક મુખ્ય વકતા તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમજ સમગ્ર ભારતના વિવિધ રાજ્યોમાંથી ૪૨૬૯ જેટલા લોકોને સંબોધિત કર્યા હતા. ડૉ. ચિંતન પાઠકે જણાવ્યુ કે, આજના સમયમાં આપણે ટેકનોલોજીને કેવી રીતે ઉપયોગ કરીએ છીએ તે ખૂબ જ ચિંતાનો વિષય છે. તેમણે કહ્યુ કે, આપણે ટેકનોલોજીનો ઉપયોગ નથી કરતા પરંતુ ટેકનોલોજી આપણો ઉપયોગ કરે છે. હાલના સમયમાં સાયબર વર્લ્ડમાં યુ.એસ.એ. અને ચાઈનાની માલીકી જોવા મળે છે. હાલના સમયમાં ઘણી બધી એપ્લીકેશનો લોકેશન એકસેસ માટે, ડેટા સંગ્રહ માટે, કેમેરા એકસેસ માટે, કોન્ટેકટ વાંચવા માટે પરમીશન માંગતી હોય છે, જેનો ઉપયોગ કરીને તે સિસ્ટમ પર કંટ્રોલ લઈ લે છે. જેનાથી તમારી દરેક ગતિવિધિઓ પર તેઓ નજર રાખે છે. આ માહિતી ભેગી કરીને તેઓ દ્વારા ત્રાહિત વ્યકિતને વેચી દેવામાં આવે છે.

ડૉ. ચિંતન પાઠકે જણાવ્યું કે, સાયબરની લડાઈ એક પ્રકારની ડીજીટલ હુમલો છે જે એક દેશ કમ્પ્યૂટરમાં વાયરસ અને હેકીગનો ઉપયોગ કરી બીજા દેશને નૂકશાન પહોંચાડવાનો પ્રયત્ન કરે છે. ભવિષ્યની લડાઈ હથિયારોથી નહિ પરંતુ માહિતીથી થશે. જે દેશ પાસે વધારે માહિતી હશે તે દેશ આ લડાઈ જીતી શકશે. આ ક્ષેત્રે નાગરિકોની ભૂમિકા ખૂબ જ અગત્યનો ભાગ ભજવશે.

દર્શક મિત્રોના વિવિધ પ્રશ્નોના જવાબ ડૉ. ચિંતન પાઠકે ઉદાહરણ સહિત આપ્યા હતા. મુખ્ય વકતાશ્રીનો પરિચય ડૉ. નિલેશ પટેલ તેમજ આભારવિધિ ડૉ. શ્વાતિ મહેતાએ કરી હતી. વેબિનારનું સંચાલન જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલીના પ્રમુખશ્રી ભરતભાઈ શાહ, આચાર્યશ્રી ડૉ.કે.એન.ચાવડા, ડૉ. સેજલ દેસાઈ, ઈ.ચા.આચાર્ય ડૉ. મુકેશ ગોયાની, ડૉ. મેહુલ શાહ તેમજ શૈક્ષણિક અને વહીવટી કર્મચારીઓ દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું.

## વૈચારિક લડાઈની પ્રકૃતિ : નેશનલ વેબિનાર

જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી તેમજ જમ્મૂ કાશ્મીર અધ્યયન કેન્દ્ર દ્વારા તા. ૧૩ ડિસેમ્બર, ૨૦૨૦ના રોજ "સામ્યવાદી ચીન વિરૂધ્ધ લોકતાંત્રિક ભારતઃ વૈચારિક લડાઈની પ્રકૃતિ" વિષય અંતર્ગત Zoom, Microsoft Team, You Tube, Twitter, Face Book અને Instagramના માધ્યમથી ૩૭માં નેશનલ વેબીનારનું આયોજન થયું હતું. જેમાં વરિષ્ઠ પત્રકાર શ્રી પ્રફુલ કેતકર મુખ્ય વકતા તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમજ સમગ્ર ભારતના વિવિધ રાજયોમાંથી ૧૧૦૯ જેટલા લોકોને સંબોધિત કર્યા હતા. શ્રી પ્રફુલ કેતકરે વેબિનારમાં ચીનની વિસ્તારવાદી નીતિ, ચીન કોમ્યુનીસ્ટ પાર્ટી, સાંસ્કૃતિક મૂલ્યો જેવા વિષય પર ચર્ચા કરી હતી. વૈશ્વિક સ્તરે વેપાર સલામતી અને માનવ અધિકારો તેમજ વિસ્તારવાદી નીતિના મુદ્દે સામ્યવાદી ચીનની દાદાગીરી વધી રહી છે ત્યારે ભારતે ચીનના માઓવાદને દામવાનું કામ વૈચારિક સ્તરે કર્યુ છે. શ્રી પ્રફુલ કેતકરે જણાવ્યું કે, ચીનના પહેલાના સંબંધો સાંસ્કૃતિક રીતે, વ્યાપારની દ્રષ્ટિએ તેમજ બીજી અનેક રીતે ભારત સાથે જોડાયેલા હતા. વર્ષઃ ૧૯૬૦ માં ચીનમાં સાંસ્કૃતિક પરિવર્તન થયું જેને કારણે જૂના દરેક મૂલ્યો ભૂલાતા ગયા. ભારત એક એવો લોકતાંત્રિક દેશ છે જે આધુનિક રહીને પણ પોતાની સભ્યતા ભૂલ્યો નથી. ચીને અનેક વાર ભારતના લોકતંત્રને નબળું પાડવાના પ્રયાસો કર્યા પરંતુ ભારતે પોતાની લોકતાંત્રિક વ્યવસ્થાને મજબૂત બનાવી રાખી. વર્ષ ૨૦૧૬ થી ૨૦૨૦ દરમિયાન ચીને ત્યાંના મીડિયાને કંટ્રોલ કરવા ૧૬ બિલીયન ડોલરનો ખર્ચ કર્યો હતો. ચીનમાં યોગ દિવસનો પણ વિરોધ કરવામાં આવે છે કારણ કે ચીનને ડર લાગે છે કે જો યોગને અપનાવવામાં આવશે તો તેની સાથોસાથ ભારતીય સંસ્કૃતિ પણ આવશે. ૭૦ વર્ષ માઓવાદ રહ્યા પછી પણ ચીનમાં ભારતીય સંસ્કૃતિ પ્રત્યે હજુ પણ માન છે અને ભારતીય સંસ્કૃતિનો આદર કરે છે. ભારતમાં જે રીતે દરેક લોકોને કોઈપણ ધર્મનો સ્વીકાર કરવાની કે કોઈપણ ભગવાનમાં માનવાની જે લોકશાહીની સંસ્કૃતિ છે જો એ સંસ્કૃતિને ચીનના લોકોમાં પ્રસાર કરવામાં આવે તો ચીનના સામ્યવાદને તોડી શકાય છે. સીસીપી માટે વર્ષ ૨૦૨૨ સૌથી પડકારજનક રહેશે કારણ કે તેમાં જ નકકી થશે કે સીસીપીના નેતા તરીકે જીનપિંગ રહેશે કે નહી. જો શી જીનપિંગ વર્ષ ૨૦૨૨ પછી પણ કોમ્યુનિસ્ટ પાર્ટીના નેતા તરીકે રહેશે તો ચીનની અંદર વિરોધનો જુવાળ જોવા મળશે અને વૈશ્વિક સ્તરે પણ ચીનની વિશ્વસનીયતા ઘટશે. ચીનમાં ભલે અત્યારે સામ્યવાદ છે પરંતુ ચીનના લોકો હજુ પણ બુધ્ધના વિચારોને અનુસરે છે. ચાઈનીસ કોમ્યુનીસ્ટ સ્ટેટને ચાઈનીસ લોકોથી અલગ રીતે જોવું પડશે આ કામ માત્ર ભારત જ કરી શકે છે.

દર્શક મિત્રોના વિવિધ પ્રશ્નોના જવાબ ઉદાહરણ સહિત આપ્યા હતા. મુખ્ય વકતાશ્રીનો પરિચય ડૉ.દિલીપ કતારિયાએ કરાવ્યો હતો. વેબીનારનું સંચાલન અમરોલી કોલેજના આચાર્યશ્રી ડૉ.કે.એન. ચાવડાના માર્ગદર્શન હેઠળ ડૉ. ચિરાગ

સિધ્ધપુરીયાએ કર્યુ તેમજ શૈક્ષણિક અને વહીવટી કર્મચારીઓ દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું.

## જીવન જયોત ટ્રસ્ટ સંચાલિત પ્રો.વી.બી.શાહ ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ એન્ડ વી.એલ.શાહ કોલેજ ઓફ કોમર્સ, સુટેક્ષ બેંક કોલેજ ઓફ કમ્પ્યૂટર એપ્લિકેશન, અમરોલી.

### Online NSS Camp - Blood Donation



જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત પ્રો.વી.બી.શાહ ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કોલેજ ઓફ કોર્મસ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કોલેજ ઓફ કોર્મસ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કોલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ, અમરોલીમાં તા. ૧૩/૧૨/૨૦૨૦ થી ૧૯/૧૨/૨૦૨૦ દરમિયાન સતત સાત દિવસ માટે Online NSS Campનું આયોજન કરાયુ હતું. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન આ કોલેજ સામાજીક કાર્ય તેમજ કોવિડ–૧૯ની મહામારીની આ પરિસ્થિતીમાં પણ સેવાકીય કાર્યમાં આગળ રહેલ છે. ભારત સરકારની કોવિડ–૧૯ની માર્ગદર્શિકા મુજબના નિયમોનું પાલન કરીને આ સતત સાત દિવસના Online NSS Campમાં NSS સ્વયંસેવકો/ વિદ્યાર્થીઓના ગૃપ દ્વારા સ્વૈચ્છિક રીતે તેમના અનુકૂળતા મુજબના વિસ્તારમાં વિવિધ પ્રકારની પ્રવૃતિઓ જેવી કે યોગા–પ્રણાયામ, ટ્રાફિક અવેરનેસ, માસ્ક વેહચણી, કોરોના અવેરનેસ, વૃક્ષારોપણ, નાના–બાળકોની શિક્ષણ પ્રવૃતિ કરાવવી, ઝૂપડપટ્ટીમાં કપડાનું વિતરણ, વૃદ્ધાશ્રમમાં ફળ વિતરણ અને આર્થિક મદદ જેવી સેવાકીય પ્રવૃતિઓ હાથ ધરવામાં આવી હતી. ઉપરાંત વિદ્યાર્થીઓની જ્ઞાન ક્ષિતિજ વધારવા વિવિધ વિષયના તજજ્ઞો દ્વારા Virtual સેમિનાર આયોજનમાં નવી શિક્ષણ પધ્ધતિ, સામાજીક પ્રવૃતિમાં NSS Campની ભૂમિકા, સાઈબર ક્રાઈમ અવેરનેસ, યુવા કારકીર્દિ અને કાર્ય સંસ્કૃતિ, શિક્ષા અને વૈદિક ગણિતની સમજ, સરકારી યોજના અને તેનો ઉપયોગ તથા ટેકનોલોજીના ઉપયોગ અને દુરઉપયોગ જેવા વિવિધ વિષયો આવરી લેવામા આવ્યા હતા.

Online NSS Campના અંતિમ દિવસ તા.૧૯/૧૨/૨૦૨૦ના રોજ કોલેજ કેમ્પસ ખાતે Blood Donation Campનું આયોજન સરકારશ્રીની ગાઈડલાઈન મુજબ કરવામાં આવ્યું હતું જેમાં ૧૯ બોટલ યુનિટ રકતદાન મળેલું હતું. Online NSS Campના તમામ સ્વયંસેવકો, NSS પ્રોગ્રામ ઓફિસર તથા સેમીનારમાં સહભાગી એવા વિષય નિષ્ણાંતોને, જીવન જયોત ટ્રસ્ટના પ્રમુખશ્રી ભરતભાઈ શાહ, માનદ્મંત્રી શ્રી અશ્વિનભાઈ પટેલ તથા ઈ.ચા.આચાર્ય શ્રી ડૉ. મુકેશભાઈ ગોયાણીએ NSS ટીમના મેમ્બર્સ ડૉ. પ્રદિપકુમાર લેન્કા, ડૉ. સુધાધારા સામલ, ડૉ. કીર્તી વિઠાણી, પ્રા. જયોતિકા ટેલર, પ્રા. નૈના મિસ્ત્રી તેમજ ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને ખુબખુબ અભિનંદન પાઠવ્યા હતા.






## વનિતા વિશ્રામ વિમેન્સ કોલેજ ઓફ કોમર્સ, સુરત.

### નેચરલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ : નેશનલ વેબિનાર




વનિતા વિશ્રામ સંચાલિત વનિતા વિશ્રામ વિમેન્સ કોલેજ ઓફ કોમર્સમાં આચાર્યા ડૉ. અભિલાષા અગરવાલના માર્ગદર્શન હેઠળ એન.એસ.એસ. યુનિટ દ્વારા યુટ્યુબ લાઈવ

સ્ટ્રીમીગ અને ગુગલ મીટના માધ્યમથી 'નેચરલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ' વિષય પર ૧૧માં નેશનલ વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતુ. જેમાં રિસોર્સ પર્સન તરીકે સુરત સિવિલ ડીફેન્સના ચીફ વોર્ડન શ્રી કાનજી ભાલાલા, ડેપ્યુટી ચીફ વોર્ડન શ્રી વિજય છાયરા અને સુરત ડીવીઝનલ વોર્ડના માસ્ટર ટ્રેનર શ્રી નાવેદ શેખ ઉપસ્થિત રહ્યા હતા. શ્રી કાનજી ભાલાલાએ સિવિલ ડિફેન્સ અને તેમના દ્વારા કયા પ્રકારની પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે તેની વિસ્તાર પૂર્વક માહિતી આપી હતી. ત્યારબાદ શ્રી વિજય છૈરાએ પૂર અને ધરતીકંપ જેવી આફતોમાં શું કરવું અને શું ન કરવુ એ અંગે સારાંશ આપ્યો હતો. તેમણે સમજાવ્યું કે, સાવચેતી રાખવી એ ઉપચાર કરતા વધુ સારૂ છે અને તેથી, જો આવી આફતો આવે તો કોઈએ ગભરાવું નહી પરંતુ વિચારપૂર્વક અને શાંતિથી તેનો સામનો કરવો જોઈએ તથા રાહત કાર્ય કરવામાં સરકારને સંપૂર્ણ ટેકો આપવો જોઈએ. અંતે શ્રી નાવેદ શેઠે આગની પરિસ્થિતીમા વ્યક્તિએ શું કરવું અને શું ન કરવું તે સમજાવ્યું હતું અને અગ્નિ ક્ષામક દળ દ્વારા કેવી રીતે સંચાલન કરવામાં આવે છે તેની માહિતી આપી હતી.

આ પ્રોગ્રામમાં દેશના ૧૨ રાજયોથી કુલ ૨૮૦ જેટલા એકેડેમિશિયન્સ, પ્રોફેશનલ્સ અને વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતું. વેબિનારમાં ઉપસ્થિત સહભાગીઓને ઈ–સર્ટીફીકેટ આપવામાં આવ્યા હતા.

આચાર્યા ડૉ. અભિલાષા અગરવાલે આ વેબિનારમાં ઉપસ્થિત મહાનુભવોનો આભાર માન્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ. ક્રિષ્ના દેસાઈ તથા ટેકનીકલ સ્ટાફ કુ. ક્રિના દેસાઈ તથા શ્રીમતી ભૂમિ દેસાઈ એ કર્યુ હતું.

## કન્ઝયુમર્સ રાઈટ્સ એન્ડ પ્રોટેકશન : નેશનલ વેબિનાર





વનિતા વિશ્રામ સંચાલિત વનિતા વિશ્રામ વિમેન્સ કોલેજ ઓફ કોમેર્સમાં આચાર્યા ડૉ. અભિલાષા અગરવાલના માર્ગદર્શન હેઠળ 'નેશનલ કન્ઝયુમર્સ ડે'ના ઉપલક્ષમાં એન.એસ.એસ. યુનિટ અને કન્ઝ્યુમર્સ પ્રોટેકશન એન્ડ રિસર્ચ સેન્ટર સુરતના સંયુક્ત ઉપક્રમે, ગુગલ મીટ અને યુટ્યુબ લાઈવ સ્ટ્રીમીગના માધ્યમથી 'કન્ઝયુમર્સ રાઈટ્સ એન્ડ પ્રોટેકશન' વિષય પર ૧૨મું નેશનલ લેવલ વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતુ. જેમાં સુરત જીલ્લા પુરવઠા અધિકારી તેમજ સુરત જીલ્લા ગ્રાહક સુરક્ષા સેલના અધિકારી શ્રીમતી આસ્થા સોલંકી અતિથી વિશેષ તરીકે અને સાઉથ ગુજરાત કન્ઝયુમર્સ પ્રોટેકશન એન્ડ રિસર્ચ સેન્ટર, સુરતના પ્રેસિડેન્ટ શ્રી પ્રતાપ છાપીયા તથા લીગલ એડવાઇઝર શ્રીમતી શોભના છાપીયા રિસોર્સ પર્સન તરીકે હાજર રહ્યા હતા.

આ વેબિનારમાં શ્રીમતી આસ્થા સોલંકી દ્વારા પ્રારંભિક પ્રવચન આપવામાં આવ્યુ હતુ. તેમણે શ્રોતાઓને ગ્રાહક દિનની ઉજવણી અને તેના ઇતિહાસ અંગે માહિતી આપી હતી. શ્રી પ્રતાપ છાપીયાએ ગ્રાહક સુરક્ષાના કાયદા અને ગ્રાહકોના અધિકાર અંગેની જોગવાઈઓની વિગતો આપી હતી. શ્રીમતી શોભના છાપીયાએ પોતાના વક્તવ્યમાં નવા ગ્રાહક સુરક્ષા અધિનિયમ, ૨૦૧૯ની જોગવાઈઓ વિશે ચર્ચા કરી હતી. આ પ્રોગ્રામના અંતે શ્રી પ્રતાપ છાપીયા તથા શ્રીમતી શોભના છાપીયાએ શ્રોતાઓ દ્વારા પૂછાએલા પ્રશ્નોના ઉત્તરો આપ્યા હતા. આ વેબિનારમાં ૧૦ વિવિધ રાજયોમાંથી ૨૬૦ જેટલા એકેડેમિશિયન્સ, પ્રોફેશનલ્સ અને વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

આ વેબિનારના અંતે આચાર્યા ડૉ. અભિલાષા અગરવાલે આ વેબિનારમાં ઉપસ્થિત મહાનુભવોનો આભાર માન્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ. ક્રિષ્ના દેસાઈ તથા ટેકનીકલ સ્ટાફ કુ. ક્રિના દેસાઈ તથા શ્રીમતી ભૂમિ દેસાઈએ કર્યુ હતું.

## ઈન્ટરનેટ સિકયુરિટી, ફેસબુક પ્રાઈવસી એન્ડ ગ્રોથ: વેબિનાર




વનિતા વિશ્રામ સંચાલિત વનિતા વિશ્રામ વિમેન્સ કોલેજ ઓફ કોમેર્સમાં આચાર્યા ડૉ. અભિલાષા અગરવાલના માર્ગદર્શન હેઠળ 'ઈન્ટરનેટ સિક્યુરિટી, ફેસબુક પ્રાઈવસી એન્ડ ગ્રોથ' જેવા અગત્યના વિષય પર કોલેજની યુ.જી. અને પી.જી.ની વિદ્યાર્થિનીઓ માટે વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં iVIPANAN ના ફાઉન્ડર મિ. ભૌતિક શેઠ, સોશિઅલ મિડિયા સ્ટ્રેટેજીસના મેનેજર મિસ. સિદ્ધિ જૈન તથા ક્રિએટીવ એન્ડ ડીઝાઇનના હેડ મિસ. રેશમા રોહિડા રિસોર્સ પર્સન તરિકે હાજર રહ્યા હતા. ઉપરોક્ત વેબિનારમાં ઉપસ્થિત વક્તાઓએ વિદ્યાર્થિનીઓને સોશિયલ મીડિયાનો ઉપયોગ પ્રોફેશનલ ગ્રોથ માટે કેવી રીતે કરવાનું એની વિસ્તૃત માહિતી પૂરી પાડી હતી અને ટુ સ્ટપે વેરીફીકેશન, ફાઈન્ડ યોર ફોન, ડીલીટ એક્ટીવીટી, રેકગ્ન રેકગ્નાઈઝડ લોગ ઇન અને સોશિયલ મિડિયા સિકયુરિટી એન્ડ લોગ ઇન જેવા વિષયોનું

ડેમોન્સ્ટ્રેશન આપી વિદ્યાર્થીનીઓને સમજણ પૂરી પાડી હતી. આ વેબિનારમાં ૧૫૦ વિદ્યાર્થીનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ તબક્કે કોલેજના માર્કેટિંગ મેનેજમેન્ટના આસીસ્ટન્ટ પ્રોફેસર ડૉ. અશ્વિન સન્તોકીએ આમંત્રિત વક્તાઓનો વિશેષ આભાર માન્યો હતો. આ સમગ્ર વેબિનારનું સંચાલન બીઝનેસ એડમિનિસ્ટ્રેશનના આસી. પ્રોફેસર નંદા બોથરા તથા ટેકનીકલ સ્ટાફ શ્રીમતી ભૂમિ દેસાઈ અને કુ. કીના દેસાઈએ કર્યુ હતું.

## સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, ખેરગામ.


### રાષ્ટ્રીય સેવા યોજના : નવીન સ્વયંસેવકો માટે અભિમુખતા : વેબિનાર




સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, ખેરગામ ખાતે તા. ૨૯/૧૨/૨૦૨૦ના રોજ શૈક્ષણિક વર્ષ : ૨૦૨૦–૨૧માં અભ્યાસ કરતાં એફ.વાય.બી.એ./બી.કોમ.ના વિદ્યાર્થીઓ માટે "ઓનલાઈન રાષ્ટ્રીય સેવા યોજના અભિમુખતા વેબિનારનું આયોજન સંસ્થાના આચાર્યશ્રી ડૉ. સંજયભાઈ એમ. પટેલના માર્ગદર્શન હેઠળ માઈક્રોસોફ્ટ ટીમ એપના માધ્યમથી કરવામાં આવ્યું હતું. વિષયના અનુસંધાને આચાર્યશ્રીએ વિદ્યાર્થીઓને રાષ્ટ્રીય સેવા યોજના શું છે ? સ્વયંસેવક/ સેવિકા અને તેમની જવાબદારીઓ, વાર્ષિક ખાસશિબિર, રાષ્ટ્રીય સેવા યોજના દ્વારા વ્યકિત ઘડતર અને રાષ્ટ્રનિર્માણ વગેરે મુદ્દાઓ પર જ્ઞાન અર્પણ કર્યુ હતું. છેવાડાના માનવીના જીવનની ઉત્કર્ષગાથા એટલે N.S.S.. જે માનવીને કયાંથી કયાં સુધી લઈ જઈ શકે ? તેનું ઉત્તમ ઉદાહરણ એટલે કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ સ્નેહલ પટેલ અને દિપેન પટેલ જેમણે N.S.S. ની દરેક પ્રવૃતિઓમાં ઉત્સાહ પૂર્વક ભાગ લઈ સ્ટેટ લેવલ N.S.S. એવોર્ડ મેળવી અન્ય વિદ્યાર્થીઓને પ્રેરણા પૂરી પાડી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન N.S.S. પ્રોગ્રામ ઓફિસર પ્રા. સુનિલભાઈ એમ. જાદવે કર્યુ હતું. પ્રોગ્રામ ઓફિસર પ્રા. યોગેશ એન. ટંડેલે આભાર વ્યકત કરી કાર્યક્રમની પૂર્ણાહુતિ કરી હતી.

### ભારતેન્દુ બાબુ પુણ્યતિથી, વિશ્વ હિન્દી દિવસ : ઉજવણી

સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, ખેરગામ ખાતે જ્ઞાનધારા અને "હિન્દી વિભાગ"ના સંયુક્ત ઉપક્રમે આચાર્યશ્રી ડૉ.એસ.એમ.પટેલના અધ્યક્ષપણા હેઠળ તા.૦૬/૦૧/ ૨૦૨૧ના રોજ હિન્દી ગદ્ય સાહિત્યના પિતા ભારતેન્દુ બાબુ હરિશચંદ્રની પુણ્યતિથી અને તા. ૧૦/૦૧/૨૦૨૧ના રોજ 'વિશ્વ હિન્દી દિવસ'ની ઉજવણી ખૂબજ ઉત્સાહ સાથે ઓનલાઈન માઈક્રોસોફ્ટ ટીમ એપના માધ્યમથી કરવામાં આવી હતી. જેમાં હિન્દી વિભાગનાં અધ્યક્ષ ડૉ. મનિષાબેન જોગીયાએ વિષયના અનુસંધાને બન્ને પ્રસંગની વિસ્તૃત માહિતી આપી. કોલેજના તેજસ્વી તારલાઓ જૈનિકા પટેલે ભારતેન્દુ બાબુના વ્યકિતત્વનો પરિચય, પટેલ મહેશ્વરીએ તેમના સાહિત્યનો પરિચય અને નૈતિક દેસાઈએ બાબુજીનાં પુનર્જાગરણ અને નવોત્થાનની વાત કરી. દમયંતિ પટેલ અને ભૂમિકા પટેલે ભારતેન્દુ યુગની વિશેષતાઓની માહિતી આપી. પટેલ હરિકૃષ્ણએ ભારત દુર્દશા નાટક અને અનિતા પટેલે 'અંધેરી નગરી' અંજલી પટેલે 'નિલદેવી' નાટકનો સંક્ષિપ્ત પરિચય આપ્યો. ભાવિની પટેલે 'વિશ્વ હિન્દી દિવસ' ની શરૂઆત શા માટે થઈ તેમજ પ્રતિક્ષા પટેલે આ દિવસનું મહત્વ બતાવ્યું. બન્ને કાર્યક્રમનું સંચાલન ડૉ. પારૂલબેન ચૌધરી અને શ્રી હરિકૃષ્ણ પટેલે કર્યુ. અંતમાં વિદ્યાર્થીઓના સશકત પ્રયત્નોથી કાર્યક્રમ સફળ નિવડયો છે તેવો આભાર ડૉ. પ્રફુલ્લાબેન પટેલે કર્યો હતો.




### સ્વામી વિવેકાનંદ જન્મ જયંતી સાપ્તાહિક : ઉજવણી




સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, ખેરગામ ખાતે તા. ૦૯/૦૧/૨૦૨૧ના રોજ IQAC અંતર્ગત સપ્તધારા અન્વયે સર્જનાત્મક અભિવ્યકિત ધારા, ગુજરાતી, ઈતિહાસ વિભાગ અને રાષ્ટ્રીય સેવા યોજના વિભાગ દ્વારા તા. ૦૭/૦૧/૨૦૨૧થી તા.૧૩/૦૧/૨૦૨૧ સુધી ઓનલાઈન વિવિધ સ્પર્ધાનું આયોજન

કરવામાં આવ્યુ હતું. જેમકે ગુજરાતી વિભાગ અંતર્ગત તા.૦૭/૦૧/૨૦૨૧થી તા.૧૨/૦૧/૨૦૨૧, દરમ્યાન રાજય કક્ષાની "સ્વામી વિવેકાનંદ કવીઝ સ્પર્ધા" સર્જનાત્મક અભિવ્યકિતધારા અંતર્ગત તા.૦૮/૦૧/૨૦૨૧ થી તા.૧૨/૦૧/૨૦૨૧ સુધી "આંતરકોલેજ નિબંધ સ્પર્ધા" ઈતિહાસ વિભાગ દ્વારા તા.૦૭/૦૧/૨૦૨૧ થી તા.૧૩/૦૧/૨૦૨૧ સુધી "સ્વામી વિવેકાનંદ ડોકયુમેન્ટરી શોટ ફિલ્મ અને ઓર્ડીયો રેકોર્ડિંગ" કાર્યક્રમ ગૂગલ મીટના માધ્યમ દ્વારા આયોજીત થયો હતો. જેનો હેતુ વિદ્યાર્થીઓ સ્વામી વિવેકાનંદના જીવન વિશે જાણે સમજે અને પોતાના જીવનમાં ઉત્તરોત્તર પ્રગતી કરે.

શૈક્ષણિક વર્ષ: ૨૦૨૦–૨૧માં અભ્યાસ કરતાં તમામ વિદ્યાર્થીઓ માટે તા.૧૨/૦૧/૨૦૨૧ને મંગળવારના રોજ રાષ્ટ્રીય સેવા યોજના દ્વારા ૧૫૮ મી સ્વામી વિવેકાનંદ જન્મ જયંતી નિમિતે "રાષ્ટ્રીય યુવા દિવસ"ના પાવન પર્વની ઉજવણી આચાર્યશ્રી ડૉ. એસ.એમ.પટેલ સાહેબશ્રીના માર્ગદર્શન હેઠળ માઈક્રોસોફ્ટ ટીમ એપના માધ્યમથી કરવામાં આવી. જેમાં વિદ્યાર્થીઓ તથા અધ્યાપકોએ ઉત્સાહ પૂર્વક ભાગ લઈ સ્વામી વિવેકાનંદના ઉમદા વિચારોની જ્ઞાન ગંગા વહાવી જીવનનો મર્મ સમજાવ્યો હતો. પટેલ અંજલીએ "સ્વામી વિવેકાનંદના જીવન અને બાળપણ, પટેલ મહેશ્વરીએ "રામકૃષ્ણ મઠ પોતાના વિચારો રજૂ કરી સ્વામીજી પ્રત્યેનો પોતાનો પ્રેમ ઉજાગર કર્યો હતો. દેશનું યુવાધન યોગ્ય દિશા અને માર્ગદર્શન હેઠળ પોતાના જીવનને સાર્થક કરી શકે એ માટે સ્વામી વિવેકાનંદના જીવનનો ઉપદેશ ગ્રહણ કરે એ જરૂરી છે. Give Me Hundred Nachiketa I Will change the World ની ગર્જના કરનાર સ્વામી વિવેકાનંદ સાચા અર્થમાં યુગપુરૂષ છે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન N.S.S. પ્રોગ્રામ ઓફિસર પ્રા. યોગેશ એન. ટંડેલે કર્યુ હતું. પ્રોગ્રામ ઓફિસર પ્રા.સુનિલભાઈ જાદવે આભાર વ્યકત કરી કાર્યક્રમની પૂર્ણાહુતિ કરી હતી.

## શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરા.

### યુવક મહોત્સવ : યશસ્વી દેખાવ



તારીખ ૯ અને ૧૦ જાન્યુઆરી દરમિયાન ઓનલાઈન મોડમાં ભારતીય શિક્ષક પ્રશિક્ષણ પ્રતિષ્ઠાન– IITE, ગાંધીનગર દ્વારા અયોજિત એના નવમા યુવક મહોત્સવ "કલાકુંજ ૨૦૨૧" માં રાજયભરની ૪૫ જેટલી બી.એડ.કોલેજોએ ઉમળકાભેર ભાગ લીધો હતો. બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત શ્રી રંગ શિક્ષણ મહાવિદ્યાલયે ૧૩ જેટલી સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. જે પૈકી બે કૃતિઓ પ્રથમ, બે કૃતિઓ દ્વિતીય અને ત્રણ કૃતિઓ તૃતીય ક્રમે વિજેતા થઈ હતી. કુ. કિંજલ પટેલ (ઓન ધ સ્પોટ પેઈન્ટિંગ) અને કુ. અંકિતા પરમાર (સ્પોટ ફોટોગ્રાફી)માં પ્રથમ ક્રમ, ઋત્વી પટેલ (હળવું કંઠય સંગીત) અને દ્રષ્ટિ દેસાઈ, વિરલ પટેલ, ઉઝમાબાનુ ચોરાવાલા અને મંથન ટંડેલની સંયુકત ટીમ (ઈન્સ્ટોલેશન) દ્વિતીય ક્રમ તથા યોગેશ પટેલ (કોલાજ), જૈમીની ટંડેલ (રંગોલી) અને કિંજલ પટેલે (પોસ્ટર મેકિંગ) તૃતીય ક્રમ પ્રાપ્ત કરી સંસ્થાને ગૌરવ અપાવ્યું હતું. IITE–યુનિવર્સિટીના આ સમગ્ર યુથ ફેસ્ટિવલ "કલાકુંજ ૨૦૨૧"ના ચેરમેન તરીકે સફળતા પૂર્વક વિશિષ્ટ ભૂમિકા ભજવનાર આચાર્યશ્રી ડૉ. કિશોરભાઈ નાયકને બીલીમોરા કેળવણી મંડળના પદાધિકારીઓએ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા. સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી ભરતભાઈ અમીને અને મંડળના સેક્રેટરી શ્રી જસ્મીનભાઈ દેસાઈએ વિજેતાઓને ઈનામ વિતરણ કરી સંસ્થાના કુશળ નેતૃતવ અને સ્ટાફના અદભુત ટીમ વર્કને બિરદાવી કોલેજને વધુ ગૌરવ ભવિષ્યમાં મળતુ રહે એ માટે શુભકામનાઓ પાઠવી હતી. પ્રા.ડૉ. કિરીટ ચૌહાણે ઋણ સ્વીકાર કર્યો હતો અને આ અર્થસભર કાર્યક્રમનું સુંદર સંચાલન પ્રા ડૉ. નમ્રતાબેન પટેલે કર્યુ હતું.

## શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી. એડ. કોલેજ, વી.ટી. પોદ્દાર બી.સી.એ. એન્ડ કોમર્સ કોલેજ, પાંડેસરા, સુરત.

### વાર્ષિક શિષ્યવૃતિ વિતરણ –૨૦૨૦



શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ દ્વારા તા.૦૮/૧૨/૨૦૨૦ મંગળવારના રોજ શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ. કોલેજ, વી.ટી પોદ્દાર બી.સી.એ., વી.ટી પોદ્દાર કોમર્સ કોલેજ, પાંટેસરા, સુરતના દરેક વર્ષમાં પ્રથમ, દ્વિતિય અને તૃતિય રહેલ વિદ્યાર્થીઓ માટે ૫૦૦૦ રૂા. શિષ્યવૃત્તિ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રોકડ શિષ્યવૃતિ ટ્રસ્ટના ટ્રસ્ટી વિમલજી પોદ્દાર દ્વારા દર વર્ષે એનાયત કરવામાં આવે છે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કોમર્સ કોલેજના પ્રા. હેતલબેન મહુવાગરાએ કર્યુ હતું. કાર્યક્રમમાં ટ્રસ્ટના વ્યવસ્થાપકશ્રી ચંદ્રકાન્તભાઈ શાહ તેમજ ત્રણેય કોલેજના ઈ.ચા આચાર્ય ઉપસ્થિત રહ્યા હતા. શિષ્યવૃત્તિ પ્રાપ્ત કરનાર તમામ વિદ્યાર્થીઓને ટ્રસ્ટ તરફથી શુભકામના પાઠવીએ છીએ.

**Udhna Citizen Commerce College & S.P.B. College of Business Administration & Smt. Diwaliben Harjibhai Gondalia College of BCA & I.T., Surat.**

## Online Singing Star Contest




ઉધના એકેડમી એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત કોલેજ દ્વારા તા. ૩૦/૧૨/૨૦૨૦ના રોજ Singing Star Contestનું Online આયોજન કરવામાં આવ્યું હતું. કોલેજના Contestમાં ઉત્સાહપૂર્વક ભાગ લઈને કર્ણપ્રિય ગીતો રજૂ કર્યા હતા. ઉત્કૃષ્ટ દેખાવ કરનાર વિદ્યાર્થીઓ માટે તા.૧/૧/૨૦૨૧ના રોજ Grand Finale નું આયોજન કરવામાં આવ્યું હતું. Grand Finaleમાં મનીષા ગીરી, સંગીતા ગુપ્તા, શ્વેતા વર્માએ અનુક્રમે પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમ પ્રાપ્ત કર્યો હતો. આ સ્પર્ધાનું સફળ આયોજન કોલેજની સાંસ્કૃતિક સમિતિના સભ્યોએ આચાર્ય ડૉ. મેહુલ પી. દેસાઈના માર્ગદર્શન હેઠળ કર્યુ હતું. કોલેજના પ્રધ્યાપકો પ્રો. કલ્પેશ કંસારા અને ડૉ. ધવલ પંડયાએ સ્પર્ધાના નિર્ણાયક તરીકે સેવા આપી હતી.

## Online Dancing Star Contest

ઉધના એકેડમી એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત કોલેજ દ્વારા તા.૩૧/૧૨/૨૦૨૦ના રોજ Dancing Star Contestનું Online આયોજન કરવામાં આવ્યું હતું. કોલેજાનાં Contest માં આનંદભેર ભાગ લઈને અદભૂત નૃત્ય રજૂ કર્યા હતા. ઉત્કૃષ્ટ દેખાવ કરનાર વિદ્યાર્થીઓ માટે તા. ૨/૧/૨૦૨૧ના રોજ Grand Finaleનું આયોજન કરવામાં આવ્યું હતું. Grand Finaleમાં સાક્ષી બાઘરેચાએ વિજય પ્રાપ્ત કર્યો હતો. આ સ્પર્ધાનું સફળ આયોજન કોલેજની સાંસ્કૃતિક સમિતિના સભ્યોએ આચાર્ય ડૉ. મેહુલ પી. દેસાઈના માર્ગદર્શન હેઠળ કર્યુ હતું. કોલેજના પ્રધ્યાપકો પ્રો.ડૉ.હેતલ શાહ અને ડૉ. દિવ્યા જરીવાલાએ સ્પર્ધાના નિર્ણાયક તરીકે સેવા આપી હતી.

## બ્લોગ લેખન સ્પર્ધા

ઉધના એકેડમી એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત ઉધના કોલેજમાં તા. ૨૪/૦૧/૨૦૨૧નાં રોજ રાષ્ટ્રીય બેટી દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણી અંતર્ગત કોલેજની દિકરીઓ (વિદ્યાર્થિનીઓ) માટે "Equalities/Inequalities girls face in Indian Society" વિષય પર બ્લોગ લેખન સ્પર્ધા યોજવામાં આવી હતી. આ સ્પર્ધામાં અનીતા ચૌરસીયા, અલીના સાઘ અને ક્રિશીતા જોષીએ અનુક્રમે પ્રથમ, દ્વિતિય અને તૃતીય ક્રમ પ્રાપ્ત કર્યો હતો. સ્પર્ધાનાં નિર્ણાયક તરીકે શ્રીમતી મીરયા બદ્રીએ સેવા અપી હતી જેઓ પોતે પણ બ્લોગ લખવાનો શોખ ધરાવે છે. તા. ૨૬/૦૧/૨૦૨૧ના રોજ પ્રજાસત્તાક દિન નિમિત્તે આ બ્લોગ ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. આ સ્પર્ધાનું સફળ આયોજન કોલેજ વુમન સેલનાં સભ્યો દ્વારા આચાર્ય ડૉ. મેહુલ પી. દેસાઈના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. આચાર્યએ બધા જ પ્રતિસ્પર્ધીઓ તથા વુમન સેલના કાર્યકર્તાઓની કામગીરીને બિરદાવી હતી.

**Chief Editor: Dr. K. C. Poria**
Professor and Head
Department of Physics, Veer Narmad South Gujarat University,Surat.

**Editor: Dr. B. J. Ankuya**
Assistant Librarian, Veer Narmad South Gujarat University, Surat.

**Published by: Arvind V. Dhaduk**
I/c. Registrar, Veer Narmad South Gujarat University, Surat.

**Type and Design by: Shri Pintu I. Patel**
Jr. Library Assistant, Veer Narmad South Gujarat University, Surat.

'દક્ષિણાયન' સરનામુ : ડૉ. બી.જે.અંકુયા, તંત્રી, દક્ષિણાયન, યુનિવર્સિટી ગ્રંથાલય, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, ઉધના–મગદલ્લા રોડ, સુરત–૩૯૫૦૦૭ e-mail: dakshinayanlibrary.vnsgu@gmail.com

This e-NEWSLETTER IS ALSO AVAILABLE ON THE LIBRARY AT WEBSITE www.vnsgulibrary.org.in